ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૮.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૫ ટકા

# શહેરમાં સોમવારથી કોચીંગ કલાસીસ આરંભાશે

## સરકાર દ્વારા જાહેર કરાયેલ એસઓપી મુજબ ધો-૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ માટે શાળા તથા ટયુશન કલાસીસ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસ પણ ઓફલાઈન શરૂ કરી શકાશે

ગાંધીનગર, તા.૩૦

કોરોના કાળ ગયા વર્ષના માર્ચથી જ તમામ શહેરીજનોને આર્થિક, સામાજિક કે શારીરિક રીતે હેરાન કરી રહ્યો હતો અને હવે જયારે ધીમે ધીમે કોરોનાના કેસ ઓછા થયા છે અને કોરોનાની રસી પણ શોધાઈ છે ત્યારથી શહેરીજનોને હાશકારો થયો છે. નાના મોટા તમામ ઘરમાં જ રહીને પરેશાન થઈ ગયા હતા અને બાળકો તો ઓનલાઈન શિક્ષણ સાથે જ દિવસ પસાર કરતા હતા ત્યારે યુવાનો કે જે નોકરી કરી રહ્યા હતા તેઓએ વર્ક ફ્રોમ હોમનો વિકલ્પ અપનાવ્યો હતો અને આ સિવાય સ્પર્ધાત્મક પરીક્ષા કે વિદેશ જવા માટેની પરીક્ષાની તૈયારી કરતા યુવાનોએ સેલ્ફ સ્ટડી અથવા તો ઓનલાઈન કોચીંગનો સહારો લીધો હતો. સાથે કલાસીસ ચલાવનાર સંચાલકોને પણ કોરોનાને કારણે આર્થિક મંદીનો સામનો કરવો પડયો હતો સાથે સાથે વિદ્યાર્થી યુવાનો પણ અસમંજસમાં મુકાયા હતા પરંતુ હાલમાં જ જયારે ધો-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ શરૂ થઈ ત્યારબાદ ધીમે ધીમે સરકાર દ્વારા પ્રાઈવેટ કોચિંગને પણ છૂટ આપવી કે નહી તે વિચારણા બાદ હવે ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી ધો-૯ થી ૧૨ માટે શાળાઓ તથા



પ્રાઈવેટ કોચિંગ સેન્ટર ઓફલાઈન શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જેમાં શાળાના બાળકો માટે સ્કુલના કોર્સ રીલેટેડ ટયુશન સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓના કોચિંગ કલાસ પણ શરૂ કરવાની મંજૂરી સરકાર દ્વારા આપવામાં આવી છે. પરંતુ તમામને કલાસીસ શરૂ કરવા માટે સરકાર દ્વારા જાહેર કરાયેલી સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસિજર (એસઓપી) પ્રમાણે ચાલવાનું રહેશે. જે મુજબ અમુક અંતરે બેસવું, ફરજીયાત માસ્ક, વારંવાર હાથ ધોવા, ટેમ્પ્રેચર ચેકિંગ, થૂંકવાની મનાઈ, આરોગ્ય સેતુ એપ્લીકેશનનો વપરાશ સાથે શાળા કે કલાસીસના સંચાલકોએ થર્મલ ગન, ઓકિસમીટર, એકસ્ટ્રા માસ્ક રાખવા સાથે વેસ્ટ મેનેજમેન્ટ પણ કરવું જરૂરી બનશે.

કોવિડ-૧૯ને લગતી તમામ ગાઈડલાઈન સાથે સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ એસઓપી મુજબ જ તમામ ધો-૯ થી ૧૨ માટે શાળા તથા પ્રાઈવેટ કલાસીસમાં હવેથી રૂલ્સ ફોલો કરવામાં આવશે. એસઓપી મુજબની તમામ વ્યવસ્થા કર્યા બાદ જ જે તે બિલ્ડીંગમાં વિદ્યાર્થીને પ્રવેશ માટે બોલાવી શકાશે. આમ, લગભગ દસેક મહિના બાદ હવે શહેરમાં ઓફલાઈન શાળાઓ અને પ્રાઈવટે કલાસીસ શરૂ થશે.



માહિતી નિયામકની કચેરીમાં નાયબ માહિતી નિયામક તરીકે વય નિવૃત્તિ થયેલા રાજેશભાઈ પંડયાનો વિદાય સમારંભ યોજાયો હતો. શ્રી પંડયાને શ્રીફળ અને શાલ ઓઢાડી વિદાયમાન આપવામાં આવ્યું હતું.



શહેરની સરમાઉન્ટ હોસ્પિટલને ગાંધીનગરની શ્રેષ્ઠ અને સ્વચ્છ હોસ્પિટલનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. આ એવોર્ડ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર રીટાબેન પટેલના હસ્તે ડૉ. હાર્દિક પટેલ અને ડૉ. વિરલ પ્રજાપતિને એનાયત કરવામાં આવ્યો હતો.

## ઉમા સમાજ ભવન ખાતે યોજાયેલી હેપ્પી રક્તદાન શિબિરમાં ૩૮ યુનિટ્સ રક્ત એકત્ર કરાયું




ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના સેક્ટર-૧૨માં ઉમા સમાજ ભવન ખાતે તા. ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે ઉમિયા માતાજી સંસ્થાનના સૌજન્યથી "હેપ્પી યુથ કલબ" દ્વારા વી કેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે 'હેપ્પી રક્તદાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હેપ્પી રક્તદાન શિબિર દરમ્યાન ગાંધીનગરની એક મહિલાનું હૃદયનું ઓપરેશન હોવાને કારણે જરૂર પડેલા આકસ્મિક રક્ત પુરવઠાને પહોંચી વળવા શિબિરમાં રક્તદાન કરવા આવેલા ત્રણ રક્તદાતાઓ નરેશ ઠાકોર, રમેશ આહિર અને જીજ્ઞેશ ત્રાપસીયાએ અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે જઈને રક્તદાન કર્યુ હતું.

હેપ્પી રક્તદાન કેમ્પના પ્રારંભે કડવા પાટીદાર સમાજના પ્રમુખ ગણેશભાઈ પટેલ ઉપરાંત ભરતભાઈ પટેલ અને ભોળાભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારો, વી કેર ફાઉન્ડેશનના મહેન્દ્રભાઈ પટેલ, જે.સી.પટેલ સહિત હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. હેપ્પી રક્તદાન શિબિરને સફળ કરવા અને આયોજનમાં એડવોકેટ હિતેશભાઈ રાવલ તથા હેપ્પી યુથ કલબના સેવાભાવી યુવાનોએ જહેમત ઉઠાવી હતી તથા સ્વયંસેવકોનો ઉત્સાહ વધાર્યો હતો. ગાંધીનગરના જાણીતા લોકગાયક રાજેન્દ્ર શ્રીમાળીએ પ્રથમ રક્તદાન કરીને પ્રારંભ કરાવેલ હેપ્પી રક્તદાન શિબિરમાં ૩૮ રક્તદાતાઓએ રક્તદાન કર્યુ હતું. આ "હેપ્પી રક્તદાન શિબિર"માં રક્ત એકત્ર કરવાની સેવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા પૂરી પાડવામાં આવી હતી. આ રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર તમામ રક્તદાતાને પ્રમાણપત્ર સાથે "રક્તદાતા પ્રોત્સાહન કિટ" આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. હેપ્પી રક્તદાન શિબિરમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ ફરજિયાત માસ્ક, સેનેટાઈઝરના ઉપયોગ સાથે સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું.




નિયમોનો ભંગ કરવો તે જાણે આપણી રીતિ-નીતિ બની ગઈ છે. જયાં નિયમોની અમલવારી કરવાની સૂચના લખી હોય ત્યાં જ આપણે તેનો ભંગ કરીએ છીએ. ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે નો પાર્કિંગની નોટીસ લગાવવામાં આવી છે ત્યાં જ વાહનચાલકો પોતપોતાના વાહનો મુકીને જતાં રહે છે.

## ઘ-૧ થી વડીલને રીક્ષામાં બેસાડી મોબાઈલ સેરવી લઈ ઉવારસદ ઉતારી દીધા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં રીક્ષામાં બેસાડી મુસાફરોના મોબાઈલ સેરવી લેતી ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર શહેરમાં આ બીજો બનાવ બનવા પામ્યો છે. પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ ન્યુ ખાતે રહેતા ૭૩ વર્ષિય જયોતિન્દ્રકુમાર ચંદુલાલ પંડિત ગત તા.૨૫ ના રોજ અમદાવાદ સિવિલ જવા માટે ઘ-૧ થી રીક્ષામાં બેઠા હતા. રીક્ષામાં બે મુસાફરો અગાઉથી બેઠા હતા. અમદાવાદ તરફ જતા ઉવારસદ બ્રિજ આવતા રીક્ષા ચાલકે વડીલને મુસાફરને ઉતરવા માટે કહ્યું હતું. જેથી વૃધ્ધ રીક્ષામાંથી નીચે ઉતરતા ચાલકે રીક્ષા દોડાવી દીધી હતી. થોડીવાર પછી વડીલને શંકા જતા તેમને ખિસ્સા ચેક કરતા ફોન ગાયબ હતો. જેથી વૃધ્ધે બુમાબુમ કરવા છતા રીક્ષા ચાલક ઉભો રહ્યો ન હતો. જયારે વડીલને રીક્ષાનો નંબર પણ સ્પષ્ટ દેખાયો ન હતો. સમગ્ર બનાવ અંગે વડીલે અડાલજ પોલીસ મથકે રૂ.૩૫૦૦ ના મોબાઈલ ચોરી અંગે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

## જન્મદિને વધામણી



મકબુલખાન એસ. પઠાણ
મો. ૯૯૯૮૭ ૨૨૪૧૯



હિતેન્દ્ર પુરોહિત
મો. ૯૯૨૪૪ ૧૧૯૦૮



કિન્નરી એચ ભટ્ટ



જીમિત એ પટેલ
મો. ૯૯૭૮૮ ૧૧૬૦૦


## એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ખાતે એક્ષ્પેર્ટ લેક્ચર સીરિઝનું આયોજન

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન એસ.કે. પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝના એમસીએ વિભાગ દ્વારા એક વેબીનાર-એક્ષ્પેર્ટ સિરીઝનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબિનાર બીસીએના વિદ્યાર્થીઓ માટે તા. ૧૫ ફેબ્રુઆરી સુધી ચાલશે. જેમાં જેટા રીટ્રાઈવલ ટુલ્સ એન્ડ ટેકનિક્સ, એડ્રોઈડ એસેન્સીયલ્સ, સાઈબર સિક્યુરિટી, મેમરી હેંડલિંગ અને બ્લોક-ચેઈન ટેકનોલોજી જેવા ઈમર્જિંગ વિષયોને આવરી લેવામાં આવ્યા છે. આ વેબીનારનું આયોજન કોલેજના ડાયરેક્ટર રૂપેશભાઈ વ્યાસના માર્ગદર્શન હેઠળ, એમસીએ કોલેજના પ્રાધ્યાપક દ્વારા કરવામાં આવ્યુ છે જેમાં બીસીએ કોલેજના આશરે ૧૯૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે.



## શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં ગાંધી નિર્વાણ દિન નિમિત્ત વર્ચ્યુઅલી શ્રદ્ધાંજલિ અને સ્વચ્છતા શપથ

શ્રી સ્વામિનારાયણ પોલિટેકનિકમાં આજે ગાંધી નિર્વાણ દિન નિમિત્તે કોલેજના સ્ટાફ મિત્રો દ્વારા વર્ચ્યુઅલી શ્રદ્ધાંજલિ આપવામાં આવી તેમજ બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં બાપુનું મહત્વ સમજાય તે અર્થે બાપુના મહત્વના કાર્યોનું પ્રેઝન્ટેશન વિડિયો મારફતે કરવામાં આવ્યુ અને બાપુનો સર્વોચ્ચ ગુણ સ્વચ્છતા અંગે જાગૃતિ માટે સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કુલ સેકટર-૨૩માં અભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે ધોરણ:૬ની વિદ્યાર્થીની બહેનોએ પરિમિતિ અને ક્ષેત્રફળના સૂત્રના ચાર્ટ બનાવીને અને તેના ફોટોગ્રાફ મોકલી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો.

## એસ.વી. સ્કૂલમાં યોજાઈ 'સલાડ ડેકોરેશન એક્ટિવિટી'

ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં ઓનલાઈન 'સલાડ ડેકોરેશન એક્ટિવિટી' યોજાઈ ગઈ, જેમાં જુનિયર અને સિનિયર કે.જી. ના બાળકોએ ટોમેટો, ગાજર, કાકડી, બીટ, મૂળા, લીલી હળદર, કોથમીર, સ્વીટ કોર્ન, કોબીજ, ડુંગળી, કેપ્સીકમ જેવા વિવિધ પ્રકારના શાકભાજી, વિવિધ ફળો અને ફણગાવેલા



કઠોળનો ઉપયોગ કરીને અત્યંત સુંદર રીતે સલાડનું ડેકોરેશન કર્યુ હતું. શિક્ષિકાઓએ બાળકોને આ તમામ સલાડ ખાવાથી શું લાભ થાય છે તે સમજાવ્યું હતું. બાળકોએ પણ સલાડ બનાવવામાં કયા શાકભાજીનો ઉપયોગ કર્યો છે, તેનું વર્ણન કર્યુ હતું અને દરરોજ જમવામાં સલાડ ખાવાનું પોતાના શિક્ષિકાઓને વચન આપ્યું હતું. બાળકો જંક ફૂડથી દૂર રહીને વિટામીન્સ, મિનરલ્સ અને પ્રોટીનથી ભરપૂર સલાડ ખાય, તે હેતુથી આ એક્ટિવિટી યોજવામાં આવી હતી, જેને વાલીમિત્રોએ ખૂબ જ વખાણી, પોતાનું નોંધપાત્ર યોગદાન આપ્યું હતું, જે માટે શાળા પરિવાર વતી તેમનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## જે.બી. પ્રાથમિક શાળા દ્વારા પાંદડામાંથી વિવિધ આકારો બનાવવાની સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૩ અને ૮ના વિદ્યાર્થીઓ માટે તા. ૨૯ જાન્યુઆરીને શુક્રવારે ઓનલાઈન પાંદડામાંથી વિવિધ આકારો બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ વર્ગના કુલ ૮૮ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નીવાબેન પટેલ દ્વારા માતા પિતાના સહયોગથી ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તથા વાલીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળામાં શહિદ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

સમગ્ર દેશમાં પૂ. ગાંધીબાપુના નિર્વાણદિન તા. ૩૦ જાન્યુઆરી શહીદ દિવસ તરીકે મનાવવામાં આવે છે. વિદ્યાર્થીનીઓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવનની, આઝાદી સમયની યાદગાર અને પ્રેરણાદાયી ઘટનાઓથી વાકેફ થાય તે માટે શાળામાં સેન્ટર માઈક સિસ્ટમથી પ્રાર્થના સમયે પૂ. ગાંધીબાપુ અને અનેક શહીદવીરોની યાદમાં તેમના કાર્યને યાદ કરવા માટે ઉજવવામાં આવ્યો હતો. પૂ. ગાંધીબાપુને યાદ કરી શિક્ષક પંકજભાઈ એફ. પટેલે આજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું તથા શાળાના ઉ.મા. વિભાગના શિક્ષિકા અમિતાબેન પી. મિશ્રાએ શહીદોને યાદ કરી ગાંધીગીતનું ગાન કરી શ્રધ્ધાજંલિ આપી અને શાળાના આચાર્ય ગીતેષભાઈ એ. પટેલે પ્રસંગને અનુરૂપ માહિતી આપી હતી તથા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

## રાષ્ટ્રધ્વજ બનાવવાની પ્રવૃત્તિ



ગાંધીનગર, તા.૩૦

આર.એન. પટેલ પ્રાયમરી શાળાના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રાષ્ટ્રધ્વજ બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ખુબ જ સુંદર રાષ્ટ્રધ્વજ બનાવ્યે હતો. આ સ્પર્ધાનું સંચાલન સાહિલભાઈ લખવારા દ્વારા કરવામાં આવ્યું હતું.

## કામધેનુ યુનિવર્સિટી દ્વારા શહીદ દિવસે ૨ મિનિટ માટે મૌન રાખીને શહીદવીરોને શ્રદ્ધાંજલિ અપાઈ



ગાંધીનગર, તા.૩૦

કામધેનુ યુનિવર્સિટીના મુખ્ય મથક ગાંધીનગર ખાતે ૩૦ મી જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ શહીદ દિવસનું આયોજન કર્યુ શહીદો દ્વારા રાષ્ટ્રકાર્યમાં સમર્પિત ભાવ સાથે સ્વતંત્રતાની લડતમાં શૌર્ય પરાક્રમ થકી દર્શાવેલ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની કર્તવ્યનિષ્ઠા દેશવાસીઓ માટે પ્રેરણારૂપ બની રહે તે માટે માનનીય કુલપતિશ્રી ડૉ. એન.એચ. કેલાવાલા અને યુનિવર્સિટીના તમામ અધિકારી તથા કર્મચારીઓએ સ્ટાફના સભ્યોએ યુનિવર્સિટીના મુખ્ય મથકમાં ૧૧:૦૦ કલાકે સમયે ૨ મિનિટ માટે મૌન રાખીને શહીદવીરોને શ્રદ્ધાંજલિ આપી હતી.

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે વર્ચ્યુઅલ કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના સહયોગથી કોલેજના એનએસએસ એકમ અને સીડબલ્યુડીસી દ્વારા એક ઓનલાઈન કાનૂની સિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય "નેશનલ ગર્લ ચાઈલ્ડ ડે અને પ્રિવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટ (પોક્સો) ૨૦૧૨" હતો જે અંગે કોર્ટ પેરાલીગલ વૉલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા તે અંગેની વિસ્તૃત જાણકારી વેબીનારમાં ભાગ લેનાર પ્રોફેસર અને વિદ્યાર્થીઓની લગભગ ૩૦૦થી વધુ સંખ્યા સમક્ષ આપવામાં આવી હતી. આ પ્રસંગે નિસર્ગ સાયન્સ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી અનિલ પટેલ દ્વારા પણ મહિલા સશક્તિકરણ અને બેટી બચાવો અને બાલિકાઓના વધુ સારા ઉછેર માટેનાં સુચનો કર્યા હતા.

આ વેબિનારમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એમ.જી. ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતા. સમગ્ર વેબીનારનું સંચાલન કોલેજના એનએસએસ ઈન્ચાર્જ ડૉ. ઉમેશ તરપદા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. કૈલાસબેન રમણજી બારૈયા, ઉ.વ. ૪૫, ડભોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. રતનબેન રામસીંગભાઈ ઠાકોર, ઉ.વ. ૭૫, સે-૨૮, ચરેડી, ગાંધીનગર
- સ્વ. સુરેશભાઈ પુનાભાઈ રાવળ, ઉ.વ. ૩૬, સે-૨૪, ઈન્દિરાનગર, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. ચીમનભાઈ નારણભાઈ પટેલ ઉ.વ. ૯૨, સરગાસણ, તા. ગાંધીનગર